મુખ્યમંત્રી અમૃતમ "મા" અને "મા વાત્સલ્ય" યોજનાનો
વ્યાપ વધારવા બાબત

ગુજરાત સરકાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

ઠરાવ ક્રમાંક: એફપીડબલ્યુ-૧૦૨૦૧૨-૪૭૧-બ.૧

સચિવાલય ગાંધીનગર.

તા.૦૧/૦૪/૨૦૧૮ 27 MAR 2018

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(3) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૬/03/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૦૧/૦૪/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૮/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:-એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૬) નાણાં વિભાગના તા. ૨૨/૧૨/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:- ખરચ/ ૧૦૨૦૧૬/૧૨૩૪/ઝ.૧.

(૭) માહિતી અને પ્રસારણ વિભાગના તા.૩૧/૦૭/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:- જનલ/૧૦૨૦૧૭/૨૪૩/બ.

(૮) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૦૪/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૭/૮૭૨/બ.૧.

(૯) અધિક નિયામક (ત.સે.) ના તા. ૧૭/૦૨/૨૦૧૮ ની એસ.એફ.એસ. ફાઇલ પરની દરખાસ્ત.

આમુખ:-

સંદર્ભ ક્રમાંક:- (૧) ના ઠરાવથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૨ થી ગરીબીની રેખા હેઠળ જીવતા કુટુંબ (પાંચ વ્યક્તિ) ને ગંભીર બિમારીઓ માટે કુટુંબ દીઠ વાર્ષિક મહત્તમ રૂ. ૨,૦૦,૦૦૦/-

(અંકે રૂપિયા બે લાખ) સુધીની કેશલેસ સારવાર મળી રહે અને આર્થિક રીતે ખર્ચાળ એવા ગંભીર રોગોમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબને મદદરૂપ થવાના હેતુથી મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના અમલી કરેલ છે.

આ યોજનાને રાજ્યમાં મળેલ વ્યાપક આવકારને ધ્યાને લઇ સંદર્ભ ક્રમાંક:- (૨) ના ઠરાવથી "મા વાત્સલ્ય" યોજના અમલી કરેલ છે. જ્યારે સંદર્ભ ક્રમાંક:- (૩), (૪) અને (૫) ના ઠરાવથી યોજનાનો વ્યાપ વધારીને રૂ. ૨.૫૦ લાખ કે તેથી ઓછી પારિવારીક વાર્ષિક આવક ધરાવતા નીચલા મધ્યમ વર્ગોના પરિવારોનો સમાવેશ કરેલ છે. સંદર્ભ ક્રમાંક (૬) થી રાજ્ય સરકારના વર્ગ- ૩ અને વર્ગ- ૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂક આપેલ ફિક્સ પગારના કર્મચારીઓનો, સંદર્ભ ક્રમાંક (૭) થી પત્રકારો અને તેમના પરિવારજનો તેમજ સંદર્ભ ક્રમાંક (૮) થી ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના તમામ આશા બહેનો અને તેમના પરિવારજનોનો સમાવેશ કરેલ છે.

પ્રજાજનો અને પદાધિકારીઓ તરફથી "મા" અને "મા વાત્સલ્ય" યોજનાનો લાભ વધારવા માટે, નવી પ્રોસિજરોનો સમાવેશ કરવા માટે વિવિધ રજુઆતો મળેલ. આમ, યોજના હેઠળ લાભની મર્યાદામાં વધારો, નવી પ્રોસિજરોનો સમાવેશ, સિનિયર સીટીઝનોનો સમાવેશ તેમજ "મા વાત્સલ્ય" યોજના હેઠળ આવક મર્યાદા વધારવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે ધ્યાને લઇ સંદર્ભ ક્રમાંક:- (૯) થી "મા" અને "મા વાત્સલ્ય" યોજનાનો વ્યાપ વધારવા માટે કમિશ્નરશ્રી(આરોગ્ય) દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે.

<u>સુધારા ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે વિભાગના સંદર્ભ ક્રમાંક (૫) ના ઠરાવમાં દર્શાવેલ રૂ. ૨.૫૦ લાખ સુધીની પારિવારિક વાર્ષિક આવક ધરાવતાને બદલે રૂ. ૩.૦૦ (અંકે ત્રણ લાખ પુરા) સુધીની પારિવારિક વાર્ષિક આવક ધરાવતા પરિવારોનો "મા વાત્સલ્ય" યોજના હેઠળ સમાવેશ કરવાની મંજુરી આપવામાં આવે છે, તેમજ રૂ. ૬ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા કુટુંબોના સિનિયર સીટીઝનોનો સમાવેશ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

તદઉપરાંત "મા" અને "મા વાત્સલ્ય" યોજનામાં નીચે મુજબના વધુ લાભોનો સમાવેશ કરવામાં આવે છે.

(૧) "મા" અને "મા વાત્સલ્ય" યોજનામાં આપવામાં આવતા લાભની મર્યાદા રૂ. ૨,૦૦,૦૦૦/- થી વધારી રૂ. ૩,૦૦,૦૦૦/- કરવા માટેની મંજુરી આપવામાં આવે છે. જેથી હવેથી "મા" અને "મા વાત્સલ્ય" યોજનાના તમામ લાભાર્થીઓને યોજના હેઠળ નિયત કરેલ ગંભીર બિમારીઓ અને પ્રોસિજરો માટે વાર્ષિક રૂ. ૩,૦૦,૦૦૦/- સુધીની કેશલેસ સારવાર મળવાપાત્ર રહેશે.

(૨) "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ નિયત કરેલ પ્રોસિજરો ઉપરાંત ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની સારવારની પ્રોસિજરનો ઉમેરો કરવા માટેની બાબતને મંજુરી આપવામાં આવે છે. યોજના અંતર્ગત લાભાર્થીને પ્રતિ ઘૂંટણ / થાપા માટે રૂ. ૪૦,૦૦૦/- સારવાર સહાય મળવાપાત્ર રહેશે અને વધારાનો ખર્ચ લાભાર્થીએ ભોગવવાનો રહેશે. તેમજ બીજા ઘૂંટણ/ થાપાના રિપ્લેસમેન્ટ માટે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી / તબીબી અધિક્ષકની મંજુરી મેળવ્યા બાદ સારવાર કરાવ્યેથી લાભ મળવાપાત્ર રહેશે.

(૩) "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ નિયત કરેલ પ્રોસિજરો ઉપરાંત કિડની ટ્રાન્સપ્લાન્ટેશન, લીવર ટ્રાન્સપ્લાન્ટેશન અને કિડની + પેન્ક્રીયાઝ ટ્રાન્સપ્લાન્ટેશનની સારવારની પ્રોસિજરનો ઉમેરો કરવા માટેની બાબતને મંજુરી આપવામાં આવે છે. તેમજ નવી ઉમેરાયેલી ટ્રાન્સપ્લાન્ટેશનની પ્રોસિજરો માટે લાભની મર્યાદા પ્રતિ વર્ષ, પ્રતિ કુટુંબ રૂ. ૫,૦૦,૦૦૦/- સુધીની સારવાર મળવાપાત્ર રહેશે.

ઉપરોક્ત તમામ બાબતોને નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૮/૦૪/૨૦૧૨, તા.૧૩/૦૮/૨૦૧૪, તા.૨૬/૦૩/૨૦૧૫, તા. ૦૧/૦૪/૨૦૧૭ અને તા. ૧૮/૧૦/૨૦૧૭ના સરખા ક્રમાંકના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૦૪/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૭/ ૮૭૨/ બ.૧ ની અન્ય શરતો યથાવત રહેશે.

(૩) નાણાં વિભાગના તા. ૨૨/૧૨/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:- ખરચ/ ૧૦૨૦૧૬/ ૧૨૩૪/ ઝ.૧,ના ઠરાવની શરતો યથાવત રહેશે.

(૪) માહિતી અને પ્રસારણ વિભાગના તા.૩૧/૦૭/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:- જનલ/ ૧૦૨૦૧૭/ ૨૪૩/ બ.ની શરતો યથાવત રહેશે.

(૫) આ હુકમનો અમલ તા-૦૧/૦૪/૨૦૧૮ થી કરવાનો રહેશે.

(૬) ઉક્ત તમામ લાભ માટેની વિગતવાર માર્ગદર્શિકા કમિશ્નરશ્રી (આરોગ્ય) ની કચેરીએ બહાર પાડવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૨૭/૦૨/૨૦૧૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.જે.ભાડેશીયા)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, મંત્રીશ્રી (આરોગ્ય) મંત્રીશ્રી.ક.રા. અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય), કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(પ.ક.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(આરોગ્ય) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(તબીબી) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(ત.શિ.) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી, પધ્ધતિ,૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, તબીબી સેવાઓ કામદાર રાજ્ય વિમા યોજના, ઇન્કમટેક્ષ ઓફિસ સામે આશ્રમરોડ, અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી મહેસુલ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રી
- એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ અમદાવાદ/
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ. ગાંધીનગર
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ
- સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- સેક્શન અધિકારીશ્રી – મ શાખા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ – ૨૦૧૮